# કોબા પાસે હાઈપ્રોફાઈલ હુક્કાબાર પકડાયુ

**ભાજપનાં પ્રદેશ કાર્યાલયની નજીક શામિયાણા હોટલમાં અત્યંત સુવિધાસભર બે માળનું એ.સી હુક્કાબાર ધમધમતુ હતુઃ લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૪૫ નબીરાઓ પકડ્યા તેમા ૨૦ યુવતીઓ પણ સામેલ : ૮૦ જેટલા વિદેશી હુક્કા ફ્લેવર્સ અને ૫૦થી વધુ હુક્કા મળ્યા**

ગાંધીનગર, તા.૮ ગુજરાત વિધાનસભાએ પસાર કરેલા હુક્કાબાર પર પ્રતિબંધ મુકવાનાં સુધારા વિધેયકને રાષ્ટ્રપતિએ તાજેતરમાં જ મંજુરી આપી હતી. જ્યાથી વિધેયક પસાર થયો તે વિધાનસભાથી ૧૦ કી.મીનાં અંતરે આવેલી અને કોબા રોડ પર સ્થિત ભાજપનાં પ્રદેશ કાર્યાલયને અડીને આવેલી શામિયાણા હોટલમાં બે માળનું બિલ્ડીંગ ઉભુ કરીને બેફામ ચાલતુ હાઈ પ્રોફાઈલ એસી હુક્કાબાર પકડાઈ જવા પામ્યુ છે. આજે બપોરે લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી આ હુક્કાબારમાં બિન્દાસ્તપણે દમ મારી રહેલા ૪૫ નબીરાઓને ઝડપી પાડ્યા છે જેમાં ૨૦ કોલેજીયન યુવતીઓનો પણ સમાવેશ થાય છે. હુક્કાનાં દમ મારવા આવેલા નબીરાઓનાં નિવેદનો લઈ તેમને મુક્ત કરીને પોલીસે હુક્કાબારનાં માલીક અને મેનેજર સામે નવા કાયદા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તાજેતરમાં જ હુક્કાબાર પ્રતિબંધ સુધારા વિધેયક વિધાનસભામાં પસાર કરીને સરકારે હુક્કાબાર સદંતર બંધ કરવા વિધેયક પસાર કર્યુ હતુ. સુધારા વિધેયકને રાષ્ટ્રપતિએ તાજેતરમાં જ મંજુરી આપી છે ત્યારે ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલી શામિયાણા હોટલમાંથી આવે અત્યંત સુવિધાસભર હુક્કાબાર પકડાયુ છે. માહીતી આધારે ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીત તથા તેમની ટીમે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં ધમધમતા આ હાઈપ્રોફાઈલ હુકાબારમાં બપોરે દરોડો પાડી ૫૦થી વધુ હુક્કાઓ અને ૮૦ જેટલા વિદેશી ફ્લેવરનાં બોક્ષ ઝડપી પાડ્યા હતા. ૨૦ યુવતીઓ અને ૨૫ યુવકો મળી ૪૫ જેટલા નબીરાઓ બારમાં દમ મારી રહ્યા હતા. રુ.૮૦૦ માં ૪૫ મિનિટ હુક્કાનાં દમ મારવા દેવામાં આવતા હતા તેમા પણ ક્યારેક અડધા-અડધા કલાક સુધીનાં વેઈટીંગ રહેતા હતા. ૨૦૦ વ્યક્તિઓની કેપેસીટી ધરાવતા બે માળના આ એ.સી હુક્કાબારમાં રાત્રે ખુબ ભીડ જામતી હોવાની ચર્ચા છે. તે ઉપરાંત બિયર જેવી ફીલીંગ લાવવા માટે એનર્જી ડ્રીંક પણ સર્વ કરવામાં આવતા હતા. કસ્ટમરને ઓર્ડર આપવામાં સરળતા રહે તે માટે વેઈટરને બોલાવવા માટે રીમોટ સંચાલીત ડોર બેલ પણ ટેબલે ટેબલે મુકવામાં આવ્યા હતા. એલ.સી.બી એ શાહીબાગ રહેતા માલીક નરેન્દ્ર હરજી માણીયા અને મેનેજર ધમેતી પરમાર સામે નવા કાયદા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
















## મારી દિકરીને ખુબ સુગર છે, ઇન્સ્યુલીન આપવા આવ્યો છું..!!!

હુક્કાબારમાં દમ મારતા ૪૫ નબીરાઓ પકડાયા અને તેમને પોલીસે બીજા માળે બેસાડી નિવેદનો લેવાનુ શરુ કર્યુ ત્યારે સમી સાંજે એક કાકા શામિયાણા આવ્યા હતા. પોલીસે હોટલમાં પ્રવેશ બંધ કરી દીધો હતો ત્યારે આ કાકા પોલીસ પાસે ગયા અને રિક્વેસ્ટ કરી કે મારી દિકરી અંદર છે. તેને સુગર ખુબ છે અને દરરોજ ઈન્સ્યુલીન આપવા પડે છે. તેને ઈન્સ્યુલીન આપવાનો સમય થઈ ગયો છે તો ઈન્સ્યુલીન આપવા માટે જવા દો ને..!!! પોલીસ પણ પુત્રીનાં સુગરની ચિંતા કરીને આવેલા પિતા સામે બે મિનિટ તો જોઈ રહી હતી..!!!




## કસ્ટમરનું ઓનલાઇન બુકીંગ કરવામાં આવતુ : ઓટીપી જનરેટ કરાતો

જુના કસ્ટમર્સ સરળતાથી હુક્કાબારમાં આવી શકે અને પોલીસ કે પ્રેસની કોઈ એજન્સી સીધી ઘુસીને હુક્કાબારનો પર્દાફાશ ન કરી જાય તેની સલામતી માટે ઓનલાઈન બુકીંગ કરવામાં આવતુ હતુ અને તે જુના તમામ કસ્ટમર્સનો ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) જનરેટ કરવામાં આવતો હોવાનુ પણ જાણવા મળ્યુ છે.

# રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોવિદ સોમવારે ગાંધીનગર આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૮

એનડીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર અને બિહારના પૂર્વ રાજયપાલ રામનાથ કોવિદ મંગળવારે રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે.

તેઓ અમદાવાદ હવાઈ માર્ગે સવારે ૧૧ વાગે આવી પહોંચશે. આ પછી વેપારીઓ, વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ, સામાજિક સંગઠ્નો દ્વારા તેમનુ સન્માન કરવામાં આવશે.



સાંજે ગાંધીનગર સ્વર્ણિમ સંકુલમાં યોજાયેલ ભાજપના ધારાસભ્યો, સાંસદો અને કોરગૃપની સંયુક્ત બેઠકમાં હાજરી આપી તેમની તરફેણમાં મતદાન કરવા અપીલ કરશે. તેમની સાથે આ બેઠકમાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ, રાજ્યના ઈન્ચાર્જ ભૂપેન્દ્ર યાદવ સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહેનાર છે.

તેઓ રાત્રે જ દિલ્હી પરત જશે. ૧૭મીએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે મતદાન યોજાવાનુ હોઈ કોવિદ દિલ્હી પહોંચ્યા બાદ બીજા દિવસે અન્ય રાજ્યોના પ્રવાસે જશે.

# કોંગીના ૧૦ સભ્યો ઉજ્જૈનના પ્રવાસે ઉપડતાં જ રાજકારણ ગરમાયુ


ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૧૦ જેટલા સભ્યો આજે એકાએક ખાનગી લકઝરી બસ દ્વારા ઉજ્જૈન જવા રવાના થતાં પંચાયતના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામેલ છે.

મળતી વિગતો પ્રમાણે પાંચ સમિતિના ચેરમેનો અને ઉપપ્રમુખ સહિતના સભ્યો આ પ્રવાસે ગયા છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિવાદો જે રીતે બહાર આવી રહ્યા છે તેની વચ્ચે યોજાયેલા આ પ્રવાસને લઈ વાતાવરણમાં ગરમાવો આવ્યો છે.

કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે સમિતિઓના ચેરમેનોએ સામાજિક કારણોસર આ પ્રવાસમાં નહિ જોડાયા હોવાનુ જણાવી તેમનુ સમર્થન વ્યક્ત કર્યું છે. જિલ્લા પંચાયતમાં વધુ એક વખત જૂથબંધીનુ આ ચિત્ર સામે આવ્યું છે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો મુજબ ઉપપ્રમુખ ભરત પટેલે ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શનની બાધા રાખી હોવાથી આ પ્રવાસ કાર્યક્રમનુ આયોજન કરાયુંછે. જો કે કોંગી સભ્યોના આ પ્રવાસે પંચાયતના વાતાવરણને ગરમ જરૂર બનાવી દીધુ છે.


**વેચવાની છે**

મારૂતી બલેનો, બ્લેક, સીએનજી, મોડલ-૨૦૦૫, ઓછુ ફરેલી કાર

: સંપર્ક :

૮૧૬-૦૭૯૯૩૮૭

**વેચવાનું છે**

કાચનું ચાર ખુરશીનું ડાઈનિંગ ટેબલ અને કોમ્પ્યુટર ટેબલ

સંપર્ક : ૯૮૨૫૦ ૧૦૭૬૬

BIG SALE **BRAND ZONE** BIG SALE

આ સેલ ટુંક સમય માટે જ છે

NEXT TO ORIGINAL CURRENT SHOW ROOM

NEW STOCK ગરમી થી બચવા સવારે પધારો

100 % ઓરીજનલ જેન્યુઈન મેન્સ શો રૂમ તેમજ મોલનો તદ્દન નવોજ સ્ટોક ફક્ત રૂા. 1200/- માં 3 નંગ અને વધુ

બ્રાન્ડેડ પ્યોર કોટન પ્રિન્ટેડ સ્પે. સમર ફેબ્રીક ડ્રેસ મટીરીયલ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ

પ્રિમીયમ લાયકા ફેબ્રીક સ્પેશ્યલ સમર ક્લોથ ફેશન વેર ફેબ્રીક, પ્યોર કોટન પેન્ટ ફક્ત રૂા 1200/-માં 3 નંગ અને વધુ

ઓરીજનલ પ્લેન ફ્લોરોસન્ટ કલર લેડીઝ પેન્ટ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ

લેડીજ વેસ્ટ્રન ટોપ ફેન્સી બોજ્બો ચાઈના સિંગાપુર ના સ્પેશ્યલ ટોપ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ

કેજ્યુઅલ શર્ટ 100% કોટન હેવી ફેબ્રીક સ્પેશ્યલ સમર ફેશનવેર શર્ટ ફક્ત રૂા. 1500/- માં 3 નંગ

બ્રાન્ડેડ લેગીન્સ લક્ષ, લાયરા, માનવી, યુનીક્સ, કંમ્ફટ લેડી ફક્ત રૂા. ૨૫૦ /-

BRAND ZONE હોટલ પ્રેસીડન્ટ (બેંકવેટ હોલ) પેટ્રોલ પંપની પાછળ સે.૧૧ "ચ" રોડ, ગાંધીનગર

BRAND ZONE A 1, ડિસ્ટ્રીક્ટ શો. સેન્ટર સેક્ટર - ૨૧, ગાંધીનગર

તાક. સેલ્સમેન, સેલ્સ ગર્લ જોઈએ છે

## મતદારયાદીની સુધારણા-૨૦૧૭

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૧-૭-૨૦૧૭ થી તા. ૩૧-૭-૨૦૧૭ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૯-૭-૨૦૨૧૭, તા. ૧૬-૭-૨૦૧૭ અને તા. ૨૩-૭-૨૦૧૭, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો**

- જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- **જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.**

**યાદ રાખો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૧-૭-૨૦૧૭ થી ૩૧-૭-૨૦૧૭ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૯૭૬/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com